# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૧૨/૮/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# 'રાષ્ટ્ર નિર્માણમાં યુવાઓનું મહત્વ' વિશે ચેમ્બર દ્વારા અવેરનેસ સેશન યોજાયુ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવારે, તા. ૧૦ ઓગષ્ટ ૨૦૧૯ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'રાષ્ટ્ર નિર્માણમાં યુવાઓનું મહત્વ' વિષય ઉપર અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં દૃષ્ટિકોણ એન્ડ ૫૦ એમએમના ફાઉન્ડર શ્રી સૌરભ દેસાઇ, વરાછા કો–ઓપરેટીવ બેંકના ચેરમેન શ્રી કાનજીભાઇ ભાલાળા અને ફાઉન્ટેન હેડ સ્કૂલના કો–ફાઉન્ડર શ્રી વર્દાન કાબ્રાએ વકતવ્ય રજૂ કરી યુવાઓને મહત્વનું દિશાસૂચક માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, જે દેશમાં સૌથી વધુ યુવાધન હોય છે એ દેશ સૌથી વધુ પ્રગતિ કરી શકે છે. વિશ્વમાં અન્ય દેશોની તુલનામાં આપણા ભારત દેશમાં સૌથી વધુ એટલે કે ૬૫ % યુવા વર્ગ છે. આથી આપણા દેશે સૌથી વધુ પ્રગતિ કરવી જોઇએ. દેશનો આર્થિક વિકાસ રૂંધાય ત્યારે તેને ફરીથી વિકાસની દિશામાં લઇ જવા માટે યુવાઓ જ કામ લાગી શકે છે. આથી યુવાઓને યોગ્ય દિશામાં માર્ગદર્શન મળી રહે તે માટે ચેમ્બર દ્વારા અવેરનેસ સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતું.

ચેમ્બરની યુથ વીંગ કમિટીના ચેરમેન શ્રી નિરવ માંડલેવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી અને જણાવ્યુ હતુ કે, સ્વામી વિવેકાનંદજીએ કહયુ હતુ કે ૨૧મી સદી ભારતની હશે અને એ મહાસત્તા બનશે. ડો. એપીજે અબ્દુલ

કલામે મીશન ૨૦–૨૦ વિશે વાત કરી હતી. દેશની પ્રગતિમાં યુવાઓનો ફાળો સૌથી વધુ હોય છે. આજે વિશ્વને યંગ વર્કીંગ ફોર્સ માત્ર ભારત જ આપી શકે છે. ભારત પાસે ડેમોગ્રાફીક ડિવીડન્ડ છે. ભારત આગામી ૩૮ વર્ષ સુધી ડેમોગ્રાફીક ડિવીડન્ડનો લાભ લઇ શકે છે. જો આ ડેમોગ્રાફીક ડિવીડન્ડનો યોગ્ય રીતે ઉપયોગ નહી કરવામાં આવે તો મોટાપાયે દેશનો યોગ્ય દિશામાં વિકાસ નહીં થઇ શકે. જેથી યુવાનોને યોગ્ય દિશાએ લઇ જવા પડશે.

શ્રી સૌરભ દેસાઇએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, મિકેનિકલ એન્જીનિયરીંગ કર્યુ હતું પણ સ્કૂલ લાઇફથી નેચર કલબની સાથે જોડાયો હતો અને જંગલમાં જવાનું થતુ હતુ એટલે જંગલમાં ફોટોગ્રાફી કરવાની શરૂઆત કરી હતી. તે વખતે રોલવાળા કેમેરાથી ફોટોગ્રાફી શરૂ કરી હતી. ફોટોગ્રાફીમાં રસ જાગતા એલ એન્ડ ટીની નોકરી છોડીને ફોટોગ્રાફીમાં જ કરીયર બનાવવાનુ નકકી કરીને એ દિશામાં કામ કરી કઈક કરી બતાવવા મંડી પડયો હતો. સમાજમાં આર્ટીસ્ટની ખૂબ જ મહત્વની ભૂમિકા હોય છે. ડોકયુમેન્ટરી બનાવવાની આર્ટીસ્ટની જવાબદારી બને છે. એની ભવિષ્યમાં ચોકકસ કીમત થશે.

તેમણે વધુમાં કહયુ હતુ કે, આજનો યુવા યુરોપ કે અમેરિકાથી આવતા ફોટોની કોપી કરવા જાય છે પણ આપણા સુરતમાં જ કેટલા બધા એવા સ્થળો છે કે જેની ફોટોગ્રાફી યુવાઓએ કરવી જોઇએ. આપણી સુરતની સંસ્કૃતિ અને આર્કીટેકચરને ફોટોમાં કંડારવા જોઇએ. તેમણે યુવાઓને આર્ટ અને કમર્શિયલ આર્ટ વચ્ચેનો તફાવતની પણ સમજણ આપી હતી. સારી ફોટોગ્રાફી માટે ટેકનીકલ, ઇમોશનલ અને ઇમ્પ્રેસીવ આ ત્રણ બાબત ઉપર કામ કરવાની અને સમય આપવાની જરૂર છે. નિષ્ફળતાથી કયારેય ડરવાની જરૂર નથી. હંમેશા લોન્ગ ટર્મ વિઝન રાખીને કામ કરવું જોઇએ તેમ તેમણે વધુમાં જણાવ્યુ હતુ.

શ્રી કાનજીભાઇ ભાલાળાએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, આજના યુવાઓમાં ક્ષમતા અને એનર્જી ઘટે છે એટલે ભારતનો વિકાસ પુરેપુરો થતો નથી. યુવાઓ પ્રગતિશિલ બનશે તો દેશનો વિકાસ ચોકકસ થશે. યુવાઓ જે કામ કરે તે દિલથી કરશે તો રાષ્ટ્રની પ્રગતિ થશે. સફળતાનો કોઇ શોર્ટકટ છે જ નહીં. યુવાઓએ પોતાને જ ઘડવા પડશે. એના માટે યુવાઓમાં શું ઘટે છે તે જાણી લેવાની પહેલા જરૂર છે. યુવાઓ પ્રથમ તો સારા નાગરીક બનવા જોઇએ તે માટે તેઓને ભણાવવામાં આવે છે. યુવાઓએ પોતાની દશામાંથી બહાર નીકળીને દેશના પડકારોને સમજવાની જરૂર છે. તેમણે વર્લ્ડ ઇકોનોમી ફોરમમાં ઉલ્લેખ કરાયેલા સાત પડકારો જેવા કે આતંકવાદ, નિરક્ષરતા, શહેરીકરણ, કલાયમેટ ચેન્જ, ભ્રષ્ટાચાર, વસતિ વૃદ્ધિ અને ગરીબી વિશે યુવાઓ સમક્ષ ચર્ચા કરી હતી.

શ્રી વર્દાન કાબ્રાએ પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, સાયન્સ સારુ લાગે છે એટલે તેમાં માત્ર માકર્સ લાવવા માટે નહી પણ આગળ જઇને રિસર્ચ કરી શકીએ તે દિશામાં વિચારીને સાયન્સ ભણવું જોઇએ. ભણ્યા પછી સારા બિઝનેસ માટે વિચારતા હતા પણ એજયુકેશનમાં માત્ર બાળકોને થીયરી નહી પણ પ્રેકટીકલી પણ ભણાવી શકાય તે દિશામાં વિચાર કરીને સ્કૂલની શરૂઆત કરી હતી. સ્કૂલમાં એકેડેમીક સિવાય સ્પોર્ટ્સ અને અન્ય એકટીવિટી પણ બાળકો પાસે કરાવી રહયાં છીએ. એજયુકેશનમાં કાંઈક સારુ કરવું છે એવું વિચારીને શરૂઆત કરી હતી. શરૂઆત મહત્વની છે એટલે પ્રથમ શરૂઆત કરવી જરૂરી છે. તેમણે યુવાઓને કહયુ હતુ કે જે પણ કામ કરો તે ઉત્સાહથી કરીને તેને એકસીલન્સ સુધી લઇ જાઓ.

અવેરનેસ સેશનમાં યુવાઓ દ્વારા કરવામાં આવેલા વિવિધ સવાલોના વકતાશ્રીઓએ સંતોષકારક જવાબો આપ્યા હતા. ચેમ્બરના રિપ્રેઝન્ટેશન સેલના કન્વીનર સીએ મિતિષ મોદીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.